ડીસામાં લુંટારાઓ બેફામ બન્યા : બેંક ઓફ બરોડામાં આવેલા ગ્રાહક પાસેથી પોલીસના સ્વાંગમાં ધમકાવી પાંચ લાખ તફડાવ્યા

ડીસા, તા. ૨૯

ડીસામાં બેંક ઓફ બરોડા શાખામાં એક વ્યક્તિને ધમકાવી-ડરાવી પોલીસના વેશમાં આવેલા બે ગઠીયાએ બેન્કિંગ સમય દરમ્યાન ડરાવી-ધમકાવી બેંકમાંથી નીચે પકડી લાવી તેના થેલામાં પડેલા પૈસાની ચકાસણી કરી હતી અને થેલામાં પડેલા ૧૦ લાખની રકમમાંથી આબાદ પાંચ લાખની પોલીસ સ્વાંગમાં ચીલઝડપ કરી ફરાર થઈ ગયા હતા. જો કે તે બાદ પીડિત વ્યક્તિએ ડીસા ઉત્તર પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે બે અજાણ્યા ગઠીયા વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ અંગેની વિગત જોઈએ તો ડીસાના રાજ રાજેશ્વરી જ્વેલર્સમાં મહેતાજી તરીકે કામ કરતા દશરથભાઈ કેશાજી માળી તેમના શેઠ દિનેશભાઈ સોનીના બેંક ખાતામાં આજે રૂપિયા ૧૦ લાખ જમા કરાવવા બેંક ઓફ બરોડા ડીસા શાખામાં આવ્યા હતા. જોકે તેજ સમયે ઘાત લગાવી બેઠેલા બે અજાણ્યા ગઠીયા બેંકના ઉપલા મજલે પહોંચ્યા હતા. જ્યાં બેંકમાં ૧૦ લાખ થેલામાં લઈ આવેલા દસરથ માળીને આ બન્ને લોકોએ પકડ્યો હતો. અને પોતાની ઓળખાણ પોલીસ તરીકે આપી હતી અને ચલ નીચે ઉતર આ થેલામાં શું છે ? તેનું ચેકિંગ કરવું છે તેમ કહી બેંકમાંથી નીચે લાવી આ બન્ને શખ્સોએ થેલો ચેક કર્યો હતો. અને વિરોધ કરતા મહેતાજીને ડરાવ્યો, ધમકાવ્યો હતો. જોકે ચેકિંગના બહાને આ બન્ને અજાણ્યા ગઠીયાઓએ થેલામાંથી ૫ લાખ સેરવી લીધા હતા અને તે બાદ રફુચક્કર થઈ ગયા હતા.

જોકે તે બાદ પીડિત દસરથ બેંકમાં ગયો હતો જેને થેલો ચેક કરતા ૧૦ લાખમાંથી ૫ લાખ ગાયબ હતા જેથી તેને તુરંત તેના માલિકનો સંપર્ક કરી આ મામલે ડીસાના ઉત્તર પોલીસનો સંપર્ક કર્યો હતો. જ્યાં પીઆઈ રાઠોડે આ મામલે ચીલઝડપનો ગુનો દાખલ કરી બેંકના સીસી ટીવી ફુટેજ આધારે તપાસ હાથ ધરેલ છે.

ખેડબ્રહ્મામાં નાળીયેરી પૂનમની ધામધૂમથી ઉજવણી

ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિરમાં શનિવારે પૂનમ ઉજવાતા દર્શનાર્થીઓની ભારે ભીડ જોવા મળતી હતી. મા અંબાને કમળ પર સવારી કરતા જોઈ ભક્તો ધન્યતા અનુભવી રહ્યા હતા. સમગ્ર મંદિરને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ ભક્તોની ભીજ જોવા મળી રહી હતી. દરેક ભક્તોને બુંદીનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો. મંદિર ટ્રસ્ટના પ્રમુખ, ટ્રસ્ટીઓ અને મેનેજર તરફથી ઉમદા વ્યવસ્થા કરવામાં આવી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

મોડાસા એસટી ડેપોમાં મુસાફરોની સલામતી માટે ૧૦ સીસીટીવી કેમેરા

મુસાફરોના જાન-માલના રક્ષણ માટે સુરક્ષામાં તંત્ર દ્વારા વધારો કરાયો

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસાના એસટી બસ ડેપોમાં મુસાફરોની સલામતી માટે અને તેમની સાથેના માલ-સામાનના રક્ષણ માટે એસટી તંત્ર દ્વારા ૧૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવતા મુસાફરોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

હિંમતનગર એસટી વિભાગીય ડિવિઝન હેઠળના મોડાસા એસટી ડેપોમાં હાઈ રીઝોલ્યુશનના ૧૦ સીસીટીવી કેમેરા લગાવી સુરક્ષામાં વધારો કરાયો છે. દિન-પ્રતિદિન મુસાફરોની સાથે થતી ચોરી, લૂંટ તેમજ તફડંચી ચીલઝડપ જેવા ગુનાઓ અટકાવવા અને ગુન્હેગારોને ઝડપી પાડવા મોડાસાના બસ સ્ટેન્ડના ચારે બાજુ ફીટ કેમેરા કરાયા છે. મોડાસા ડેપોના વર્કશોપમાં આ અગાઉ ચાર સીસીટીવી કેમેરા લગાવેલા હતા. પરંતુ બસસ્ટેશનમાં ચારેકોર કેમેરાની બાજ નજર રહે તે માટે વધુ ૧૦ કેમેરા ગોઠવાયા છે. મોડાસા ડેપો મેનેજર આર.બી. વાઘેલાના જણાવ્યા અનુસાર એસટી સ્ટેન્ડની ચારેબાજુ ફીટ કરાયેલા આ કેમેરાથી ડેપોમાં પ્રવેશતી બસોના નંબર અને ડેપોમાં પ્રવેશવાનો સમય સ્ક્રીન પર સ્કેન થશે. તદ્ઉપરાંત

મોડાસા બસસ્ટેન્ડમાં દિવસ-રાત રઝેરઝની માહિતી મળી રહેતા ચોરી, પાકીટમારીના ગુન્હા અટકાવવા અને પાકીટમારો અને તફડંચોને ઝડપી પાડવા માટે અસરકારક સાબીતરૂપ સુવિધા બનશે.

બોલુન્દ્રા ગામના રમેશભાઈના જણાવ્યા અનુસાર મોડાસા એસટી ડેપોમાં લગાવાયેલા અત્યાધુનિક ૧૦ હાઈ રીઝોલ્યુશન કેમેરાથી બસની મુસાફરી કરતા મુસાફરોની સલામતીમાં વધારો થવાની સાથે એસટી સ્ટેન્ડમાં થતી પાકીટમાર, તફડંચી અને લુખાતત્વો અને રોમીયોગીરી કરતા અસામાજીક તત્વો બેનકાબ બનશે.

(તસવીર : જય અમીન, મોડાસા)

રક્ષાબંધનના દિવસે લોધા સમાજની બહેનો દ્વારા ઝવેરાનું વિસર્જન

હિન્દુ તહેવારો જુદા જુદા પ્રાંત અને સમાજોમાં જુદી જુદી રીતે ઉજવાતા હોય છે. અગાઉ બહારથી આવેલી જ્ઞાતિઓના લોકો અહીં સ્થાઈ થયા બાદ પણ પોતાની પેઢી દર પેઢીથી ચાલી આવતી પરંપરાઓ જાળવી રહ્યા છે. જેના કારણે એક જ તહેવારમાં અનેકવિધતા જોવા મળે છે. જેમાં ડીસા શહેરના રાજપુર લોધાવાસમાં લોધાસમાજ દ્વારા પણ રક્ષાબંધનની ઉજવણીમાં વિશેષતા જોવા મળે છે. લોધા પરિવારની બહેનો શ્રાવણ સુદ એકમના દિવસે ઝવેરા વાવી દે છે જે પૂનમ એટલે કે રક્ષાબંધન સુધીમાં મોટા થઈ જાય છે. જેને નદીમાં તેરવવામાં આવે છે અને તેને શંકર ભગવાનના મંદિરમાં જઈ શિવલીંગ પર ચડાવવામાં આવે છે. ચાલુ વર્ષમાં કોઈનું મરણ થયું હોય તો સમાજની બહેનો ત્યાં જઈ ઝવેરા આપી શોક દુર કરે છે. આ વિધિમાં લોધા સમાજની બહેનો, યુવાનો, વડીલો, બાળકો વગેરે આનંદ ઉલ્લાસ સાથે જોડાય છે. લોધા સમાજની દિકરી દામિની કાંતિલાલ લોધાના જણાવ્યા મુજબ આ પરંપરા વર્ષોથી ચાલી આવે છે. નદીમાં જ્યારે પાણી આવતું હતું ત્યારે અમારા સમાજના વડીલો ઝવેરાનું નદીમાં વિસર્જન કરતા હતા પરંતુ અત્યારે કુવામાં વિસર્જન કરવામાં આવે છે. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

મોડાસા અંબિકા મંદિરો પાંચમો પાટોત્સવ યોજાયો

મોડાસા, તા. ૨૯

પવિત્ર શ્રાવણ માસમાં ભગવાનની ભક્તિનો અનોખો મહિમા રહેલો છે ત્યારે આ શ્રાવણ માસમાં મોડાસાનાં સથવારાં કડીયા નવયુવક મંડળ મોડાસા દ્વારા વિશ્વાકારમાં ચોર કડીયાવાળામાં આવેલ ભગવાન વિશ્વકર્મા તેમજ મા અંબિકાનાં મંદિરનો ભવ્ય પાંચમો પાટોત્સવ યોજાયો હતો. આ પાંચમાં પાટોત્સવનો પ્રારંભ સવારે ૯ કલાકે કરવામાં આવ્યો હતો. આ પાટોત્સવમાં મુખ્ય યજમાન પદે સુભાષભાઈ કડીયા બિરાજમાન થયા હતા, તેમજ પાતળા યજમાનમાં નરેન્દ્રભાઈ કડીયા, ભરતભાઈ કડીયા તેમજ અંકીતભાઈ કડીયા, ભાવેશભાઈ કડિયા, જગદીશભાઈ કડીયા, ધીરેનભાઈ કડીયા, રીતેશભાઈ કડીયા, ગોપાલભાઈ કડીયા, બિરાજમાન થયા હતા અને પાટોત્સવનાં અંતે મોડાસા ખાતે આવેલ કોટીયર્ક હૉલમાં મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

બનાસકાંઠામાં હર્ષોલ્લાસ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી

ડીસા, તા. ૨૯

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ભાઈ-બહેનના પવિત્ર સંબંધને વધુ ગાઢ બનાવતી અને ઉજાગર કરતા બળેવ એટલે કે રક્ષા બંધન પર્વની ધામધુમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. રક્ષાબંધન નિમિત્તે બહેનોએ પોતાના ભાઈના હાથે રાખડી બાંધી તેના દીર્ઘાયુ જીવન અને સદાય સુખશાંતિ માટે કામના વ્યક્ત કરી હતી.

સવારથી જ આનંદ ઉલ્લાસનો માહોલ જોવા મળ્યો હતો. રક્ષા બંધનનો પવિત્ર તહેવાર આવતો હોવાથી છેલ્લા પંદર દિવસથી માર્કેટમાં વિવિધ પ્રકારની રાખડીઓ આવી ગઈ હતી. છેલ્લા દિવસે બહેનોની રાખડીઓ ખરીદવામાં ૨૫ ટકાનો વધારો હોવા છતાં બહેનોએ પોતાના ગજા પ્રમાણે રાખડીઓ ખરીદી પોતાના વીરને બાંધી હતી. રક્ષા બંધનના તહેવારોને કારણે વાહનોમાં ભારે ભીડ જોવા મળી હતી. અનામતના તોફાનોને કારણે દુર બેઠેલી બહેનો પોતાના ભાઈને રાખડી બાંધી શકી નહોતી. છતાં પોસ્ટ વિભાગની સેવાના ઘણી

બહેનોએ લાભ લીધો હતો. ભાઈઓએ યથાશક્તિ પ્રમાણે બહેનોને ભેટ આપી હતી. ઉપરાંત ગાય, બ્રાહ્મણ અને ગરીબોને દાન આપી ધર્મ પ્રેમી નાગરીકોએ પુણ્યનો લ્હાવો લીધો હતો. ઘરોમાં સુખડીનો પ્રસાદ બન્યો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં બળેવીયા દોડવાની પ્રથા પણ કેટલાક ગામોમાં જોવા મળી હતી. પોતાની સગી બહેન ન ધરાવતા ભાઈઓએ ધર્મની બહેન પાસે રાખડી બંધાવી હતી. જ્યાં ભાઈ ન ધરાવતી બહેનોએ ધર્મના ભાઈને રક્ષા કવચ બાંધ્યું હતું. મુસ્લિમ બહેનોએ ધર્મના બંધન ફગાવી પોતાના હિન્દુ ભાઈઓને રાખડી બાંધી હતી.

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ખેડબ્રહ્માની કે.ટી. શાળામાં ચિંતન શિબિર યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા શહેરની કે.ટી. હાઈસ્કૂલ ખાતે અનુષ્કોણીય ચિંતન શિબિરનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

ખેડબ્રહ્મા કેળવણી મંડળના કારોબારી સભ્યો-વાલીઓ શિક્ષકોની શાળાના બાળકો સાથેની ચિંતન શિબિર યોજાઈ હતી. બાળક અભ્યાસલક્ષી કઈ રીતે બને અને તેના પોતાના જીવન પથ પર કઈ રીતે આગળ વધે તે માટે અને કર્મચારી, ખેડૂત, દુકાનદાર સહિતના અન્ય રોજગાર મેળવનાર ભવિષ્યનું નિર્માણ નિશ્ચિત કરવા આ શિબિર દ્વારા સમજણ અને સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ શિબિરમાં પ્રમુખ અશ્વિનકુમાર જોષી, રાજેન્દ્રસિંહ ચૌહાણ, જગદીશ સુથાર, કિર્તીભાઈ જોષી, કપિલ ઉપાધ્યાય, બાબુભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરનું સંચાલન વિભાષ રાવલે કર્યું હતું.

અરવલ્લીમાં રક્ષાબંધન પર્વની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરાઈ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં આજે ઠેર ઠેર રક્ષાબંધનના પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. બહેનો પોતાના ભાઈને રાખડી બાંધીને ભાઈના નિરોગી દીર્ઘાયુષ્ય માટે ભગવાનને પ્રાર્થના કરી મંદિરોમાં જઈ પૂજા

અર્ચના કરી હતી. જિલ્લાભરમાં અમીર-ગરીબ બહેનોને પોતાના લાડકવાયા ભીઓને હાથે હેતપૂર્વક રાખડી બાંધતી જોવા મળી હતી. જિલ્લામાં ઠેર-ઠેર બ્રહ્મસમાજ દ્વારા યજ્ઞો પવિત બદલવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રાવણી પૂનમ, બળેવ, નાળિયેરી પૂનમ, રક્ષાબંધન વગેરે નામથી અલગ-અલગ જગ્યાએ રક્ષાબંધનના પર્વની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાનાં મોડાસા સહિત તમામ સ્થળોએ અને ગ્રામ્ય વિસ્તારોમાં રક્ષાબંધનના તહેવારની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાના તમામએ બહેનો પોતાના ભાઈને ઘરે જઈ રક્ષાબંધનની વિધિ કરી આજનું પર્વ અને તેનો મહિમા અનેરો હોઈ આ તહેવારની ઉજવણી પોતાના પરિવારજનો સાથે બહેનોએ પોતાના ભાઈઓને કુમકુમ તિલક કરી રક્ષા-રાખડી બાંધીને મોં-મીઠું કરાવીને નિરોગી દીર્ઘાયુષ્ય માટે ભગવાનને પ્રાર્થના કરી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રક્ષાબંધન એટલે નાળિયેરી પૂનમ હોઈ, ભૂદેવો માટે પવિત્ર યજ્ઞોપવિત બદલવાનો પણ ખાસ દિવસ હોઈ પરંપરાગત રીતે અને અને વિધિપૂર્વક બ્રાહ્મણોએ આજે પોતાના ઘરે અથવા સામૂહિક રીતે મંદિરોમાં જઈ જનોઈ ધારણ કરી રક્ષાબંધન ઉજવણીમાં જોડાયા હતા. જિલ્લામાં અમીર-ગરીબ સૌ બહેનોએ રક્ષાબંધન પર્વના દિવસે પોતાના ભાઈને રાખડી બાંધી નિરોધી અને લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. બાળકોમાં રક્ષાબંધનના પર્વમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. મોડાસાના મુખ્યમાર્ગો પર ઝૂંપડપટ્ટીમાં રહેતા ભૂલકાંઓ પણ પોતાના ભાઈની રક્ષા માટે રાખડી બાંધતી જોવા મળી હતી.

આજના આધુનિક યુગમાં રક્ષાબંધન પર્વમાં પાટીદાર આંદોલનના કારણે ઈન્ટરનેટ સેવા બંધ હોવાને લીધે વિદેશમાં રહેતા ભાઈ-બહેનો ઑનલાઈન રાખડી-ગીફ્ટ મોકલવાની સેવાઓ ખોરવાઈ જતા રક્ષાબંધન પર્વમાં વત્તા-ઓછા અંશે આંદોલનના લીધે બહેનોની લાગણીને ઠેસ પહોંચી હતી.

(તસવીર : જય અમીન, મોડાસા)

મંત્રી વચ્ચે મંત્રણા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમિતિના કન્વીનર હાર્દિક પટેલ, લાલજી પટેલ સહીતના આગેવાનો સાથે રાજ્ય સરકારના એક મંત્રી વચ્ચે મંત્રણા બેઠક યોજાઈ હોવાનું જાણવા મળે છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આંદોલનકારીઓ દ્વારા આ બેઠકમાં કેટલીક માંગણીઓ સરકાર સમક્ષ રજુ કરવામાં આવી હતી. જેમાં તોફાનોમાં મૃત્યુ પામેલા મૃતકોના પરીવારોને વળતર આપવા તોફાનો અંગે પોલીસ દ્વારા નામ જોગ જે ફરીયાદો કરાઈ રહી છે તે ન કરવા સહીતની માંગણીઓ રજુ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ફિવર ઓપીડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અલાયદો પ્રભાગ જ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયને કારણે જનરલ ઓ.પી.ડી.નું ભારણ ઘટશે અને દર્દીઓને વધુ સારી સારવાર ઉપલબ્ધ બનશે તેવો સત્તાવાળાઓનો દાવો છે.

સિવિલ હોસ્પિટલમાં આગામી દિવસોમાં બીજા પણ કેટલાક મહત્વના ફેરફારો આવનારા હોવાના સંકેતો તંત્રના સૂત્રોમાંથી મળી રહ્યા છે. જેમાં ફિઝીયોથેરોપી સેન્ટરનું એક્સપાન્સન, ગાયનેક વોર્ડનું આધુનિકરણ તેમજ ડાયાલીસીસ સેન્ટર સહિતની સુવિધાઓનો સમાવેશ થાય છે.

બેસ્ટ પ્લેયર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્કીલમાં પણ ઘણો વધારો થયો તેમાં મિત્ર નિમિષાનો પ્રોત્સાહક સપોર્ટ સાથે ગુજરાતની ટીમની પણ હૂંફ મળી.

ચેન્નઈમાં ટૂર્નામેન્ટ રમતા ઉત્કૃષ્ઠ પ્રદર્શનને કારણે મૈત્રીનું નામ ભારતના "બેસ્ટ પ્લેયર્સ"માં પસંદગી પામ્યું અને ગુજરાતના પ્રતિનિધિત્વ સાથે તેણે ટીમ ઈન્ડીયામાં સ્થાન મેળવ્યું. હવે બંને બહેનપણીઓ લંડન ખાતે ઈન્ટરનેશનલ ગેમ્સ જેને "વર્લ્ડ ચેમ્પિયનશીપ" પણ કહેવાય છે. આ ચેમ્પિયનશીપમાં તેમની ઉત્કૃષ્ઠ રમતને કારણે ટીમ ઈન્ડીયાને સ્પીરીટ એવોર્ડ પ્રાપ્ત થયો ત્યારે મૈત્રીને તમામ સંઘર્ષનું ઈનામ મળ્યાનો સંતોષ મળ્યો. જીવનના આ પ્રસંગે સૌથી યાદગાર ગણાવતા મૈત્રી તેની સફળતામાં માતા-પિતા, ભાઈ-બહેન અને અમદાવાદની તેની ટીમ ડ્રીમ કેચર્સને યશભાગી માને છે.

તાજેતરમાં બેંગ્લોર ખાતે રમાયેલ એક ઈન્ટરનેશનલ સ્પર્ધામાં ટીમ ઈન્ડીયા વિજેતા બની ત્યારે બેડમિન્ટન સ્ટાર સાઈના નહેવાલના હસ્તે તેમને ગોલ્ડમેડલ પ્રાપ્ત થયો હતો. હવે તો મૈત્રીને આ રમતનું ઘેલુ એટલુ લાગ્યું છે કે તેણે ધો. ૧૨ પછી ભણવાનું પણ છોડી દીધુ છે અને પ્રાથમિક શાળાના બાળકોને ફ્રીઝબીની રમતનું નિઃશુલ્ક કોચીંગ આપી રહી છે.

રઝળપાટ (ચોથા પાનાનું ચાલુ...)

તોફાનોમાં મુખ્યત્વે પોલીસ અને પ્રજા વચ્ચે જ ઘર્ષણ થયું અને ભગવાનનો પાડ માનો કે આ ભયાવહ તોફાનોએ કોમીરૂપ ન ધર્યું નહીતર આપણા ગુણવંતા ગુજરાતની આબરુનું લીલામ થઈ જાત. તોફાનો દરમ્યાન સરકાર લાચાર નજરે પડી. પ્રધાનો ઘરમાં ભરાઈ રહ્યા અથવા તો ફક્ત શાંતિની અપીલો કરતા રહ્યા. પુરા ૨૪ કલાક ભયનો માહોલ રહ્યો. ઈવન અહિંસક આંદોલનની વાતો કરનાર નેતાઓએ પણ પ્રજા વચ્ચે જઈને તોફાનોની આગ ઠારવાની કોશિશ નાં કરી.સરવાળે પ્રજા અને પ્રજાની મિલકતોને અભૂતપૂર્વ નુકશાન થયું કરોડો રૂપિયાનું નુકશાન અને ગુજરાતની શાંત અને સલામત રાજય તરીકેની છાપને બટ્ટો. તોફાની તત્વોના પાપે અને પોલીસની નાદાનીયતથી શિસ્તબદ્ધ, શાંત અને બુદ્ધિશાળી ગણાતી આખી પાટીદાર કોમ અને સાથેસાથે ગતિશીલ ગુજરાત પણ બદનામ થયું. જો લડતના આગેવાનોએ, પોલીસ અને સરકારે સયમ અને સુજબુજથી કામ લીધું હોત તો કદાચ આ દિવસો જોવાના નાં આવત. પણ અબ પછતાયે હોત ક્યાં? હવે સરકાર સામે નહી પણ સરકાર સાથે બેસીને, રાજયમાં બીજી વખત આવો તણાવ ના ફેલાય એવી જવાબદારી સાથે આ મડાગાંઠનો ઉકેલ લાવવામાં બધા પક્ષોએ આગળ આવવું પડે.

મોરપીંછના રંગ (ચોથા પાનાનું ચાલુ...)

ઓળખી, એના માથે પ્રેમથી હાથ ફેરવી એને સમજી એની સાથે ચાલીશું તો એ એક નાના એવા અંકુશ માત્રથી મહાત બનશે અને એની પીઠ ઉપર આપણને સવારી કરવા દેશે. સમય આપણા મનને ડા જખમ પણ આપે છે અને એ જ સમય ગમે તેવા જખમને ભરી પણ દે છે. સમય તારી પણ દે છે અને ડુબાડી પણ દે છે. સમય સિંહાસન પણ દે છે અને આસન ઝૂંટવી પણ લે છે. સમય નહી કલ્પેલા માન સન્માન પણ દે છે અને ના ભૂલી શકાય એવા અપમાનો પણ આપે છે. સમય હાસ્યને રૂદનમાં અને રૂદનને હાસ્યમાં એક ક્ષણમાં ફેરવી શકે છે. સમય એ જ સત્ય છે સર્વસ્વ છે. સમય એ જ ઈશ્વર છે. સમય એ જ શાશ્વત છે. આવો આપણે સૌ આપણા સમયને ઓળખીએ. એને વંદન કરીએ.

અંતમાં મારી ગઝલના બેચાર શેર

આ નથી મારો સમય, તું સમયની રાહ જો
શ્વાસનો તૂટ્યો છે લય, તું સમયની રાહ જો
સાવ ડૂબી ક્યાં ગયો, આથમી પણ ક્યાં ગયો?
મુજ ફરી થાશે ઉદય, તું સમયની રાહ જો.

સદ્ભાવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ લિમિટેડનો પબ્લિક ઈશ્યૂ ૩૧ ઓગષ્ટના રોજ ખુલે છે

સદ્ભાવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ લિમિટેડનો રૂ. ૧૦ની મૂળકિંમત ("ઈક્વિટી શેર")ના ઈક્વિટી શેરની ઈનિશિયલ પબ્લિક ઓફર સોમવાર, ૩૧ ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ ખુલશે. રૂ. ૧૦ની મુળકિંમતના પ્રત્યેક ઈક્વિટી શેર દીઠ રૂ. ૧૦૦થી રૂ. ૧૦૩ સુધીનો પ્રાઈસ બેન્ડ નિર્ધારિત કરાયો છે. બિડિંગ માટેનો લઘુત્તમ લોટ ૧૪૫ ઈક્વિટી શેરનો છે અને ત્યાર બાદ ૧૪૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકશે.

સેબીના નિયમો અનુસાર કંપની અને તેના વેચાણકર્તા શેરધારકો બુક રનીંગ લીડ મેનેજર્સના પરામર્શ સાથે એન્કર રોકાણકારોની સહભાગિતા અંગે વિચારણા કરી શકે છે. એન્કર રોકાણકારોએ બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે ૨૮ ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ બિડ કરી શકશે. બિડ/ઈશ્યૂ બીજી સપ્ટેમ્બર, ૨૦૧૫ને બુધવારના રોજ બંધ થશે.

સેબીના નિયમો અનુસાર કંપની અને તેના વેચાણકર્તા શેરધારકો બુક રનીંગ લીડ મેનેજર્સના પરામર્શ સાથે એન્કર રોકાણકારોની સહભાગિતા અંગે વિચારણા કરી શકે છે. એન્કર રોકાણકારોએ બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખના એક કાર્યવાહી દિવસ અગાઉ એટલે કે ૨૮ ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ બિડ કરી શકશે.

જોઈએ છે ટચૂકડી જાહેર ખબર

BANK LOANS
• Doctor-CA-Bussiness Loan (45 Lac)
• Home Loan • Mortgage Loan
• CAR Loan
• Loan Against Share, Plot, Machinery
ANAND ASSOCIATE
9327523525
anandsheth24@yahoo.com

મકાન વેચવાનું છે
ફ્લેટના ભાવમાં 2BHKનું સિંગલમાળનું સેક્ટર નં. ૨૭, ગાંધીનગરમાં ઉત્તર દિશામાં પ્રવેશવાળું.
સંપર્ક - ૯૮૨૪૦ ૪૦૭૪૨
અમદાવાદ

સર્વિસ
પાનકાર્ડ, પાસપોર્ટ, I.T. રીટર્ન, ગુમાસ્તા, મેરેજ સર્ટી., ટ્રસ્ટ રજી., કાર ઈન્સ્યોરન્સ, મેડીક્લેમ, સ્ટુડન્ટ, વીઝીટર વીઝા, દરેક બેંક લોન
આનંદ એસોસીએટ
મો. ૯૩૨૭૫૨૩૫૨૫

વેચવાનું છે
૧૬૫ વાર ડુપ્લેક્સ, ફર્નીચર તથા છ.ઝ. સાથે, પ્રીમીયમ ભરેલ છે. સેક્ટર-૮, ગાંધીનગર
મો. : ૯૮૨૫૦ ૯૬૩૩૧

પ્લોટ જોઈએ છે
૧૭૫ ચો.વારથી ૨૦૦ ચો.વાર, સરગાસણ ચાર રસ્તા પાસે, શ્યામ રંગ, રાજપથ, દેવભૂમિ, સોમનાથ સોસા.માં
મો. : ૯૬૮૭૩ ૧૮૦૧૫
મો. : ૯૯૨૫૦ ૩૨૩૫૧